દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ. તા. ૧૪.૦૨.૨૦૨૪

divyabhaskar.com

# અમદાવાદ ફ્રંટ પેજ

દિવ્ય ભાસ્કર
અમદાવાદ, બુધવાર,
14 ફેબ્રુઆરી, 2024 | IV



# મેટ્રો માટે નર્મદા કેનાલ પર કેબલ બ્રિજનું કામ અંતિમ તબક્કામાં

## મોટેરાથી મહાત્મા મંદિર સુધીના 28 કિલોમીટરના રૂટ પર એપ્રિલમાં ટ્રાયલ રન શરૂ કરવામાં આવશે

**અમદાવાદ** | અમદાવાદ મેટ્રોના ફેઝ-2ના ભાગરૂપે મોટેરાથી મહાત્મા મંદિર સુધીના 28 કિલોમીટરના રૂટ પર મેટ્રોની કામગીરી ચાલી રહી છે. આ રૂટ પર આવતી નર્મદા કેનાલ પર એક્સ્ટ્રા ડોઝ્ડ કેબલ સ્ટેઈડ બ્રિજ બનાવવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. આ બ્રિજમાં 145 મીટર લાંબું સેન્ટ્રલ સ્પાન (ગર્ડર) તેમજ આજુબાજુના બે સ્પાન 79-79 મીટરના છે. આ બ્રિજનો સ્પાન 303 મીટર લાંબો બનશે. આ સાથે નર્મદા કેનાલ પર 6 પિલર તૈયાર કરવામાં આવશે અને તેના પર મૂકવામાં આવનારા ગર્ડરમાં 105 સેગમેન્ટ હશે. આમાંથી 100 સેગમેન્ટ લગાવી દેવામાં આવ્યા છે. બ્રિજમાં 28.1 મીટરની ઊંચાઈના કેબલ પિલર તૈયાર કરાશે. હાલ બેની કામગીરી પૂરી થઈ ગઈ છે. એક કેબલ પિલરમાં 9 કેબલ હોય છે. મોટેરાથી ગાંધીનગર સેક્ટર-1 સુધીના રૂટ પર મેટ્રો ટ્રેનનો ટ્રાયલ એપ્રિલમાં શરૂ થવાનો છે. જીએમઆરસીના એક અધિકારીના જણાવ્યા અનુસાર નર્મદાની મુખ્ય કેનાલની બંને બાજુને જોડતા કેબલ સ્ટેઈડ બ્રિજની કામગીરી પણ લગભગ પૂર્ણતાને આરે છે.

### મેટ્રો ગિફ્ટ સિટી સુધી લઈ જવાશે

મેટ્રો રેલના ફેઝ-2 હેઠળ નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ગાંધીનગર ગિફ્ટ સિટી સુધી ટ્રેન દોડાવવાનું આયોજન છે. બ્રિજની કામગીરી પૂરી થયા પછી ટ્રેક લગાડવા, ઈલેક્ટ્રિફિકેશન, સિગ્નલિંગ સહિતની કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવશે. એપ્રિલમાં ટ્રાયલ રન પૂર્વે હાલ યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહ્યું છે.